CITY CINEMA

સિટીના વિવિધ સિનેમામાં ચાલતા ફિલ્મ શોની યાદી



NEWRELEASE

જય હો | સલમાન ખાન, તબ્બૂ, ડેની અને ડેઝી શાહ

સિનેપોલિસ, આલ્ફા વન મોલ, વસ્ત્રાપુર : 09:00 AM, 10:00 AM, 12:00 PM, 01:00 PM, 03:00 PM, 04:00 PM, 06:00 PM, 07:00 PM, 09:00 PM, 10:00 PM **બિગ સિનેમા, હિમાલિયા મોલ :** 10:15 AM, 11:45 AM, 12:55 PM, 01:15 PM, 02:45 PM, 04:15 PM, 05:45 PM, 07:00 PM, 07:15 PM, 08:45 PM, 10:15 PM **સિનેમેક્સ, દેવઆર્કેડ મોલ :** 09:00 AM, 10:15 AM, 12:00 PM, 01:30 PM, 03:00 PM, 04:30 PM, 06:00 PM, 07:30 PM, 08:00 PM, 09:15 PM, 10:30 PM **મુક્તા-એ-2 સેટેલાઇટ :** 10:30 AM, 11:30 AM, 12:30 PM, 01:30 PM, 02:30 PM, 03:30 PM, 04:30 PM, 06:30 PM, 08:30 PM, 09:30 PM, 10:30 PM **રાજહંસ સિને વર્લ્ડ :** 08:40 AM, 09:45 AM, 11:20 AM, 12:45 PM, 02:00 PM, 03:30 PM, 04:40 PM, 06:15 PM, 07:30 PM, 09:00 PM, 10:15 PM **સિટી ગોલ્ડ, આશ્રમ રોડ :** 09:00 AM, 09:30 AM, 10:30 AM, 11:30 AM, 12:15 PM, 01:15 PM, 02:15 PM, 03:30 PM, 04:00 PM, 05:00 PM, 06:45 PM, 07:15 PM, 07:45 PM, 10:00 PM, 10:30 PM **સિનેમેક્સ રેડકાર્પેટ :** 09:15 AM, 10:15 AM, 11:15 AM, 12:15 PM, 01:15 PM, 03:15 PM, 04:15 PM, 06:15 PM, 07:15 PM, 08:15 PM, 09:15 PM, 10:15 PM **દેવી મલ્ટીપેક્સ :** 10:00 AM, 11:00 AM, 01:00 PM, 02:00 PM, 03:00 PM, 04:00 PM, 05:00 PM, 06:00 PM, 07:00 PM, 08:00 PM, 09:15 PM, 10:00 PM, 10:30 PM

ડેટ ઇશ્કિયા | નસીરુદ્દીન શાહ, અરશદ વારસી

સિનેપોલિસ, આલ્ફા વન મોલ, વસ્ત્રાપુર : 09:10 AM, **બિગ સિનેમા, હિમાલિયા મોલ :** 4:30 PM, **સિનેમેક્સ, દેવઆર્કેડ મોલ :** 05:00 PM, **સિનેમેક્સ રેડકાર્પેટ :** 02:15 PM,

વન બાય ટુ | અભય દેઓલ, પ્રીતી દેસાઇ

સિનેપોલિસ, આલ્ફા વન મોલ, વસ્ત્રાપુર : 10:15 AM, 11:15 AM, 02:00 PM, 04:45 PM, 07:30 PM, 09:25 PM, 10:15 PM, **બિગ સિનેમા, હિમાલિયા મોલ :** 09:30 AM, 10:00 AM, 10:30 AM, 12:30 PM, 03:30 PM, 04:00 PM, 06:30 PM, 09:30 PM, 10:00 PM, 10:30 PM, **મુક્તા એ-2:** 10:15 AM, 01:00 PM, 03:45 PM, 05:45 PM, 10:15 PM, **રાજહંસ સિને વર્લ્ડ :** 09:00 AM, 12:30 PM, 03:00 PM, 05:30 PM, 08:00 PM, 10:30 PM, **સિનેમેક્સ રેડકાર્પેટ :** 10:00 AM, 01:00 PM, 04:00 PM, 07:00 PM, 10:00 PM,

યારિયાં | હિમાંશ કોહીલ, દેવ શર્મા, સેરહ સિંઘ

બિગ સિનેમા, હિમાલિયા મોલ : 01:30 PM, **સિનેમેક્સ, દેવઆર્કેડ મોલ :** 11:45 AM, **સિનેમેક્સ રેડકાર્પેટ :** 05:05 PM, **સિટી ગોલ્ડ, આશ્રમ રોડ :** 09:15 AM, 12:00 PM, 03:00 PM, 10:15 PM

CLUBNOTICEBOARD

રાજપથ કલબ

- તા. 6 ફેબ્રુઆરી રાત્રે 9 કલાકે આર રાજકુમાર મૂવી હોમ થિયેટરમાં દેખાડવામાં આવશે.

કર્ણાવતી કલબ

- તા.6 ફેબ્રુઆરી 6 અને 9 કલાકે હોમ થિયેટરમાં 'આર રાજકુમાર' મૂવી બતાવાશે.

કેનવાસ પર ફ્રીડમ ફાઇટરના પોર્ટ્રેટ

PAINTINGEXHIBITION

• સિટી રિપોર્ટર અમદાવાદ

માર્વેલ આર્ટ ગેલેરીમાં રિથિન્કિંગ સ્વદેશી ટાઇટલ હેઠળ બરોડાના આર્ટિસ્ટ સજલ સરકારનું સોલો એક્ઝિબિશન શરૂ થયું છે. જેમાં મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, બાળ ગંગાધર તિલક, બિપીન ચંદ્ર પાલ અને સરદાર પટેલ સહિત 60 જેટલા ફ્રીડમ ફાઈટરના પોર્ટ્રેટ રજૂ કરાયા છે. આ સાથે સ્વદેશીનો કન્સેપ્ટ સાચા અર્થમાં સાર્થક થાય તે માટે સ્વદેશી પદ્ધતિ આધારિત ઓર્ગેનિક ખેતીનો પ્રચાર પ્રસાર થાય તે હેતુથી કિચન ગાર્ડન આધારિત ચિત્રો પણ રજૂ કરાયા છે. આર્ટિસ્ટ સજલ સરકાર કહે છે, ગાંધીજીના સત્ય અને અહિંસાના સંદેશની અત્યારે જ ફોલો કરવાની જરૂર છે. તેના માટે વિચારો, નક્કી કરો અને અમલમાં મૂકો સૂત્રને પણ અપનાવીને જીવનમાં ફોલો કરવું જરૂરી છે. જ્યારે ભારતને આઝાદી મળી ત્યારે આપણને જે લાલ ઘઉં ખાવા માટે અંગ્રેજો મોકલતા તેનો સખત વિરોધ લાલ બહાદુર શાસ્ત્રીએ કરેલો અને એક ટંક ભૂખ્યા રહેજો પણ આ ખરાબ ઘઉં ન ખાતા તે મેસેજ દેશવાસીઓને આપેલો. આ વાતને પણ આર્ટિસ્ટે અલગ રીતે કેનવાસ પર રજૂ કરી છે.

સજલ સરકાર

9 ફેબ્રુઆરી સુધી ચાલુ રહશે.

માર્વેલ આર્ટ ગેલેરીમાં 9 ફેબ્રુઆરી સુધી દરરોજ 4થી 7 દરમ્યાન રિથિન્કિંગ સ્વદેશી સોલો એક્ઝિબિશન જોઈ શકાશે. આ સોલો એક્ઝિબિશનમાં બરોડાના આર્ટિસ્ટ સુજલ સરકાર 60 ફ્રીડમ ફાઈટરના પોર્ટ્રેટ્સ અને ઓર્ગેનિક ખેતીનો મેસેજ ફલાવવા માટે કેટલાક ચિત્રો રજૂ કરાયા છે.

અશોક ચાવડાને યુવા પુરસ્કાર

• સિટી રિપોર્ટર અમદાવાદ

અમદાવાદના યુવા સાહિત્યકાર અશોક ચાવડા 'બેદિલ'ને બુધવારે સાંજે જોધપૂરના ટાઉનહોલ ખાતે આયોજિત સમારોહમાં તેમની કૃતિ 'ડાળખીથી સાવ છૂટાં' માટે કેન્દ્રિય સાહિત્ય અકાદમી તરફથી યુવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓને પુરસ્કારમાં 50 હજાર રૂપિયા રોકડા અને તામ્રપત્રક એનાયત કરવામાં આવ્યા હતા. સમારોહમાં અશોક ચાવડા સહિત વિવિધ ભારતીય ભાષાના 22 યુવા સાહિત્યકારોને સન્માનિત કરાયા હતા.

સુડોકુ-40

				7	2		5	
7			9	4			8	2
1	4				5			9
5						6		
	6						7	
		3						1
6			2				1	4
2	3			9	1			8
	1		3	6				

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મુકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-39નો જવાબ

2	6	8	7	1	9	3	4	5
4	1	7	8	3	5	9	6	2
5	3	9	2	4	6	7	1	8
3	7	6	4	5	2	8	9	1
8	2	4	1	9	7	6	5	3
1	9	5	6	8	3	2	7	4
7	8	2	5	6	4	1	3	9
9	4	1	3	7	8	5	2	6
6	5	3	9	2	1	4	8	7

દેશબુક-અ ટ્રીબ્યુટ ટુ સરદાર

GUJARATIFILM

• સિટી રિપોર્ટર અમદાવાદ

ફિલ્મ મેકર વિપુલ શર્માની આગામી ગુજરાતી ફિલ્મમાં સરદાર પટેલના વિચારો જૂના થયા હશે પણ આજનું યુથ કેવી રીતે પોતાના વિચારોની સાથે કનેક્ટ કરી શકે છે તે જોવા મળશે. દેશ બુક ફિલ્મમાં ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલની અને યુથની વાત જોવા મળશે. વિપુલની ફિલ્મ લવ ઈઝ બ્લાઈન્ડ કર્મશિયલી સક્સેસ ના થઈ પણ ગુજરાત સરકાર તરફથી આ ફિલ્મને 10 જેટલા અવોર્ડ્ઝ મળ્યા હતા. વિપુલ શર્માએ જણાવ્યું હતું કે , 'આ ફિલ્મ કરવી છે તેનો વિચાર 2004માં જ આવી ગયો હતો પણ કોઈ ક્રિએટીવ પ્રોડ્યુસર મળી ના શક્યા તેથી આટલો લાંબો સમય રાહ જોવી પડી. યુથને ઈન્સપાયર થાય તેવી ફિલ્મ બનાવવી હતી. આજનું યુથ સરદારની જેમ દેશને લીડ કરવા સક્ષમ બને તેવી મારી ઈચ્છા છે. મારી ફિલ્મમાં કોઈ પણ પોલિટિકલ વ્યુ નથી. સરદારના વિચાર બિન્દુ એક નાનકડી પુસ્તિકા છે તેને બેઝ રાખીને આ ફિલ્મ તૈયાર કરી છે. ફેબ્રુઆરી મહિનામાં શૂટ કરવામાં આવેલી આ ફિલ્મ એક જ મહિનામાં શૂટ કરવામાં આવી છે. ગુજરાતના અમદાવાદ, હિમ્મતનગર અને આણંદના મલ્ટિપ્લેક્સમાં આ ફિલ્મ રિલીઝ કરવામાં આવશે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે વાત કરતાં વિપુલ શર્માએ જણાવ્યું હતું કે, 'હું એકલો આ ફિલ્ડમાં ચેન્જ નહીં લાવી શકું. ચેન્જ લાવે તેવી ગુજરાતી ફિલ્મ્સ બનવી જોઈશે તો જ આ ફિલ્ડમાં ચેન્જ આવશે.'

તાજેતરમાં ફિલ્મ પ્રમોશન માટે દેશબુક ફિલ્મની સ્ટાર કાસ્ટ ઉપસ્થિત રહી હતી.

સિટીમાં થિયેટર ડોક્યુ. ફેસ્ટ.

• સિટી રિપોર્ટર અમદાવાદ

ઓલિયોન્સ ફ્રાન્સેઝ ખાતે 7થી 9 ફેબ્રુઆરી દરમિયાન ત્રિદિવસિય ફેનેટિકા થિયેટર ડોક્યુમેન્ટ્રી ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. આ થિયેટર ડોક્યુમેન્ટ્રી ફેસ્ટિવલના પ્રથમ દિવસે સાંજે 7 વાગ્યે 'બ્રોડવેઃ ધ ગોલ્ડન એજ' નામની ડોક્યુમેન્ટ્રીનું સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું છે. આ વર્ષ 2003ની ડોક્યુમેન્ટ્રી છે. આ 'બ્રોડવે' ડોક્યુમેન્ટ્રીમાં થિયેટરના લિજેન્ડ્સની વાત રજૂ કરવામાં આવશે જેમાં તેઓ ન્યૂયોર્કમાં કેવી રીતે આવ્યા તેની અને અમેરિકન થિયેટરની વાત છે. આ ફિલ્મમાં લિજેન્ડરી પરફોર્મર, કમ્પોઝર, રાઇટર્સની વાતને તેમના પરફોર્મન્સ ફૂટેજ સાથે રજૂ કરવામાં આવશે.